તા.૧૫/૬/૨૦૧૯ ના શનિવારના રોજ ૧૨–૦૦ કલાકે અગ્રસચિવશ્રી, સા.ન્યાય અને અધિકારીતા વિભાગના અધ્યક્ષ સ્થાને GIPL ની MIS ડેવલપ કરવાની દરખાસ્તોની ચર્ચા બાબતે થયેલ બેઠકની કાર્યવાહી નોંધ :–

આ બેઠકમાં નીચે મુજબના અધિકારીશ્રીઓ હાજર રહેલ હતાં.

| અ.નં. | અધિકારી/કર્મચારીનું નામ | હોદ્દો/ કચેરી |
|---|---|---|
| ૧ | શ્રી એચ.જી.ભાભોર, | સંયુકત સચિવ, સા.ન્યાય અને અ.વિભાગ. |
| ૨ | શ્રી ડી.એસ.ગઢવી | સંયુકત સચિવશ્રી,(અ.જા.ક)સા.ન્યાય અને અ.વિભાગ. |
| ૩ | શ્રીમતી જે.વી.દેસાઈ | નાયબ સચિવશ્રી,(સ.સુ)સા.ન્યાય અને અ.વિભાગ. |
| ૪ | શ્રી પી.એલ.સોલંકી | નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ |
| ૫ | શ્રી જી.એન.નાચીયા | નિયામકશ્રી, સમાજ સુરક્ષા |
| ૬ | શ્રી વિષ્ણુ પટેલ | ઉપસચિવશ્રી,સા.ન્યાય અને અ.વિભાગ. |
| ૭ | શ્રી બી.એલ.ચૌધરી, | ઉપસચિવશ્રી,સા.ન્યાય અને અ.વિભાગ. |
| ૮ | શ્રી પ્રણવ વૈદ્ય | નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ |
| ૯ | શ્રી પી.જે.ત્રિવેદી | નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા |
| ૧૦ | શ્રી મનીષ સોલંકી | નાયબ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ |
| ૧૧ | શ્રી એન.એલ.બગડા | નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ |
| ૧૨ | શ્રી મૌલિન | અધિકારી,જી.આઈ.પી.એલ. |
| ૧૩ | આરતી.એ.બોરીચા | નાયબ નિયામક, સમાજ સુરક્ષા |

વિભાગના અગ્રસચિવશ્રીએ બેઠકમાં હાજર રહેલ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી.

## નિયામકશ્રી,સમાજ સુરક્ષા

નિયામકશ્રી, સમાજ સુરક્ષાએ GIPL ને ચાર યોજનાના એમ.આઈ.એસ બાબતે પ્લાન એસ્ટીમેન્ટ/વર્ક ઓર્ડર આપેલ છે તે બાબતે ચર્ચા કરવામાં આવી. જેમાં જી.આઈ.પી.એલએ ડેટા એન્ટ્રી કરવા બાબતનો પણ સમાવેશ વર્કઓર્ડરમાં કરવામાં આવેલ

છે તે બાબતે રજૂઆત કરતાં અગ્રસચિવશ્રીએ જયારે નેગોશિએશન કરવામાં આવશે ત્યારે તે બાબતે ચર્ચા કરવામાં આવશે તેમ જણાવેલ.

મહેકમ લક્ષી, **Disable Committee,** સુગમ્ય ગુજરાત, કેદી સહાય યોજના, બાળલગ્ન પ્રતિબંધક અધિનિયમ, ગુનેગાર પરિવેક્ષા અધિનિયમ, કોર્ટ કેસ લક્ષી, **Disable Act** વગેરે યોજનાના એમ.આઈ.એસ બાબતે આનુષંગિક કાર્યવાહી તાત્કાલિક કરવા નિયામકશ્રી,સમાજ સુરક્ષાને જણાવ્યું. ઉપરાંત દરેક યોજનાઓ બાબતે જાહેરાત દર વર્ષે બે થી ત્રણ વખત વર્તમાનપત્રોમાં આપવા માટે અગ્રસચિવશ્રીએ જણાવ્યું.

(કાર્યવાહી :– નિયામકશ્રી, સમાજ સુરક્ષા, નાયબ સચિવશ્રી ( સમાજ સુરક્ષા)

## નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ

નાયબ નિયામક શ્રી બગડાએ જણાવ્યું કે, તા.૭/૬/૨૦૧૯ ના રોજ ૬ યોજનાના એમ.આઈ.એસ માટે પ્લાન એસ્ટીમેન્ટ/વર્ક ઓર્ડર આપેલ છે. નેગોશિએશન બાકી છે. જયારે માનવ ગરીમા યોજના તથા ર્ડા.આંબેડકર આવાસ યોજના આઈ.ટી.કમીટીમાં લેવાની બાકી છે.

(કાર્યવાહી :– નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, સંયુકત સચિવશ્રી (અ.જા.ક)

## નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ

નાયબ નિયામકશ્રી/સોલંકીએ જણાવેલ કે હાલ સી.એમ.ડેશબોર્ડની કામગીરી ચાલુ છે. જયારે અન્ય ૪ યોજનાની કામગીરી કરવાની કાર્યવાહી ચાલુ છે. જે બાબતે અગ્રસચિવશ્રીએ વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કામગીરી નબળી છે તેમ જણાવી નિયામકશ્રીને આ બાબતે જરુરી કાર્યવાહી તાત્કાલિક કરવા જણાવ્યું.

GIPL ધ્વારા તૈયાર કરવામાં આવેલ ફોર્મની ડીઝાઈન રજૂ કરવામાં આવી. જેમાં યુઝર આઈ.ડી કેવી રીતે બનાવવું, વગેરેની સમજ આપવામાં આવી. આ બાબતે વિગતવાર ચર્ચા થતાં અગ્રસચિવશ્રીએ સમરસ છાત્રાલયમાં જે વિધાર્થીને પ્રવેશ આપવામાં આવે તેના જ અસલ પ્રમાણપત્રો ચકાસવા માટે મંગાવવામાં આવે તેમ જણાવ્યું. ઉપરાંત કોમ્પ્યુટરાઈઝ મેરીટ લીસ્ટ માન.મંત્રીશ્રીના હસ્તે રાખવાનું નકકી થયું.

(કાર્યવાહી :– નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, નાયબ સચિવશ્રી ( વિ.જા.ક)

હવે પછીની તમામ નવી દરખાસ્તો ત્રણેય ખાતાના વડાઓએ વહીવટી શાખા મારફત જ મંજુરી મેળવી આઈ.ટી. કમીટી સમક્ષ રજૂ થાય તે બાબતે ચર્ચા થઈ. અંતે વહીવટી શાખા મારફત જ નવી દરખાસ્તો રજૂ કરવાનું નકકી થયું.

(કાર્યવાહી :– નિયામકશ્રી, અ.જા.ક, નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ તથા નિયામકશ્રી, સમાજ સુરક્ષા)

અંતમાં સર્વેનો આભાર માની બેઠકનું સમાપન કરવામાં આવ્યું.

(એચ.જી.ભાભોર)
સંયુકત સચિવ,(કો.સેલ)
સા.ન્યાય અને અ.વિભાગ.

---

ક્રમાંકઃ – CMP-૧૦૨૦૧૮– ૪૩૦૧૦૮–કો.સેલ.
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
બ્લોક નં.૫, ૯મો માળ,
સચિવાલય,ગાંધીનગર.
તા. ૧૫/૬/૨૦૧૯.

(૧) સંયુકત સચિવશ્રી (વિજાક અને બજેટ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૨) સંયુકત સચિવશ્રી(આઈ.ટી.), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૩) સંયુકત સચિવશ્રી(અ.જા.ક),સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય,ગાંધીનગર.
(૪) નાયબ સચિવશ્રી(સ.સુ) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,સચિવાલય,ગાંધીનગર.
(૫) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં.૪, ૨જો માળ, ર્ડા.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
(૬) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, યાણ, બ્લોક નં.૪, ૩જો માળ, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૭) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં.૧૬, ર્ડા.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર. સચિવાલય,ગાંધીનગર.
(૮) મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત ઈન્ફો પેટ્રો લિમિટેડ,(GIPL ) બ્લોક નં.૧૫, ૨જો માળ,ઉધોગ ભવન, ગાંધીનગર.
(૯) સિલેકટ ફાઈલ.

(એમ.કે.વાઘેલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.